ગાંધીનગર સમાચાર

# શિક્ષકોએ ભણાવવાની શૈલીમાં વિવિધતા લાવવી અનિવાર્ય : રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૯

આત્મવિશ્વાસ, ઉત્સાહ, હકારાત્મક વિચારો મનુષ્યમાં હંમેશા સકારાત્મક શક્તિનું સંચાર કરીને જીવનમાં આગળ લઈ જવામાં છે, તેવું આજરોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે બાળ ફિલ્મ મહોત્સવ અને એજ્યુકેશનલ ઈનોવેશન ફેરનો શુભારંભ કરતા રાજ્યપાલ ઓ.પી. કોહલીએ કહેવાના બદલે તેમાં તે કાર્ય કરી શકે તે માટેનો આત્મવિશ્વાસ પેદાની અપીલ કરી હતી.

શિક્ષણ એક તરફી વ્યાપાર નથી.. પણ બે બાજુનો વ્યાપર છે, તેવું કહી તેઓશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષક ફાઈલો સાથે ડીલ નથી કરતો પણ સજીવ ખૂબ જ જરૂરી છે. શિક્ષકોએ હેમેશા પોતાની ભણાવવાની શૈલીમાં નવું ઉમેરવાનું વિચારમંથન કરવાની પણ ખાસ જરૂર છે, તેવું ભારપૂર્વક જણાવ્યું હતું.

કલ્ચરલ ફોરમ, ગાંધીનગરના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું હતું આપશે, તેવું ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો દ્વારા સેવા વસ્તીઓમાં જઈને ત્યં રહેતા બાળકોને આ ફિલ્મ દેખાડવામાં આવશે.

આજથી શુભારંભ થયેલા બાળ ફિલ્મ મહોત્સવ અને એજ્યુકેશનલ ભાગ લઈને વિચાર-વિમર્શ કરશે. ગાંધીનગર જિલ્લાના ૩૫ શિક્ષકોએ શૈક્ષણિક પ્રક્રિયામાં નવા પ્રયોગો અને સંશોધનો કર્યા છે. તેમનું ઈનોવેશનનું પ્રેઝેન્ટેશન તા. ૧૦મી માર્ચ સુધી જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨ ખાતે ૩૫ જેટલા સ્ટોલ્સ પ્રદર્શિત કરવામાં કરવામાં આવેલ બાળ ફિલ્મોની રજુ કરવામાં આવી હતી. તેમજ રાજ્યપાલશ્રીના હસ્તે મારો જિલ્લા ગાંધીનગરની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ અને નૂતન અભિગમ નૂતન કાર્ય પુસ્તિકાનું

કાર્યક્રમના શુભારંભ પ્રસંગે જી.સી.આર.ટી. નિયામક ટી.એસ. જોષીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોકભાઈ પટેલ,



## બાળ ફિલ્મ મહોત્સવ અને એજ્યુકેશનલ ઈનોવેશન ફેરનો પ્રારંભ : બોરીજ અને લેકાવાડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ અદ્‌ભૂત એનિમેશન ફિલ્મ રજુ કરી સૌને દંગ કર્યા



મદદરૂપ બને છે. સ્વાર્થ, ઉત્સાહહિનતા, જડતા, શિથીલતા, નિરાશા જેવી વાતો હંમેશા મનુષ્યમાં નકારાત્મકતાની શક્તિ પેદા કરીને મનુષ્યને જીવનમાં પાછળ લઈ જાય જણાવ્યું હતું. જીવનમાં ના ના કરવાથી ડી મોટીવેશન પેદા થાય છે, હા હા કરવાથી મોટીવેશન પેદા થાય છે, તેવું કહી રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, બાળકો સામે તુ આ ન કરી શકે તેવું વ્યક્તિઓ સાથે ડીલ કરે છે. શિક્ષણક્ષેત્રમાં શિક્ષકની મહત્વની ભૂમિકા છે. શિક્ષકોએ હંમેશા બાળકોમાં રહેલી સર્જનાત્મક શક્તિઓને બહાર લાવવાનો પ્રયત્ન કરવાનો છે. તેમજ શિક્ષકોને વિદ્યાર્થીઓ ક્લાસરૂમ તરફ દોડતો આવે તે માટે શિક્ષકોને ભણાવવાની શૈલીમાં વિવિધતા લાવવી કે, શાસન અને સમાજ ખભેથી ખભો મિલાવીને કામ કરશે, તો જ કોઈ પણ કાર્ય સરળતાથી પાર પડશે સાથે સાથે આમૂલ પરિવર્તન પણ લાવી શકીશું. ગાંધીનગર ખાતે શિક્ષણ ક્ષેત્રે કોઈ પણ નવું કાર્ય કરવા માટે હંમેશા ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને કડી વિશ્વ વિદ્યાલય શિક્ષણ તંત્રને સાથ સહકાર ઈનોવેશન ફેરમાં તા. ૧૦મી માર્ચ સુધી સવારના ૧૦.૩૦ કલાકથી બાળકો અને શિક્ષકો દ્વારા નીર્મિાણ કરવામાં આવેલ ૩૧ જેટલી ફિલ્મો એસ.ટી.ટી.આઈ. વિદ્યાભવન કેમ્પસ, સેક્ટર-૧૨ ખાતે સ્ક્રિનિંગ અને વર્કશોપ યોજાશે. જેમાં ગાંધીનગર જિલ્લાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ પ્રક્રિયામાં આવશે. લગભગ ૧ હજારથી વધુ શિક્ષકો આ અદ્‌ભુત પ્રદર્શન નિહાળીને નવા જ્ઞાનનો લાભ લેશે. જિલ્લાની પ્રત્યેક પ્રાથમિક શાળામાં દરરોજ બે બાળ ફિલ્મ દર્શાવાશે.

બાળ ફિલ્મના શુભારંભ પ્રસંગે લેકાવાડા અને બોરીજ ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર વિમોચન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીના હસ્તે બાળ ફિલ્મ નિર્માણ કરનાર શાળાના બાળકો અને મદદ કરનાર વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારી એમ.એન. રાઠોડ સહિત મોટી સંખ્યામાં શિક્ષકો, બાળકો અને કલ્ચરલ ફોરમના સભ્યો ઉપસ્થિતરહ્યા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ડિયર... વુમન્સ વીક પછી તો તું... મારી પાસે આવું બધું કામ કરાવવાનું બંધ કરીશ ને ?

## ચંદ્રાલા પાસે અજાણ્યા વાહનની ટક્કરથી યુવાનનુ મોત

ચિલોડા, તા. ૯

ગાંધીનગર તાલુકાના ચિલોડાથી હિંમતનગર જવાના હાઈવે માર્ગ પર ચંદ્રાલા નજીક પાલવ હોટલના સામે એક અજાણ્યા વાહનની ટક્કરથી રોડ પર અજાણ્યો વ્યક્તિ આશરે ૩૦ થી ૩૫ વર્ષીય યુવાનને ગંભીર ઈજા પહોંચતા તેને અમદાવાદ સિવિલ ખાતે લઈ જવાયો હતો. ત્યાં સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. આ અંગે ચિલોડા પોલીસ સ્ટેશનના જમાદાર હીરાજી ખાંટ વધુ તપાસ ચલાવી રહ્યા છે. મૃતદેહને અમદાવાદ હોસ્પિટલ ખાતે કોલ્ડ સ્ટોરેજમાં રાખેલ છે.

# શહેરમાં એજ્યુકેશનલ ઈનોવેશન ફેરનું બે દિવસીય આયોજન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેક્ટર - ૧૨ જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન ખાતે બે દિવસીય એજ્યુકેશનલ ઈનોવેશન ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર જિલ્લાની શાળાના શિક્ષકોએ નવતર અભિગમ દર્શાવતા વિવિધ પ્રોજેકટ રજુ કરીને શાળાના વિદ્યાર્થીઓને શિક્ષણ તરફની રૂચીમાં વધારો કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

અડાલજ કુમાર પ્રાથમિક શાળાના શિક્ષક જીજ્ઞેશ કુમાર શ્રીમાળીએ શાળામાં વિદ્યાર્થીઓની હાજરી પાંખી રહેતી હોવાની સમસ્યાને નિવારવા વિદ્યાર્થીઓને આકર્ષવા શરુઆતમાં બીજા અને ચોથા શનિવારે કવીઝ રમતો, કોયડા, વિવિધ સ્પર્ધા અને ફિલ્મ નિર્દશન જેવી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરી હતી. ત્યારબાદ એસએમસી તથા ગામના વડીલો અને ગ્રામ પંચાયતના સહકારથી શાળા સહાય યોજના બનાવવામાં આવી જેનું નામ સ્કૂલ પ્રોવીડંડ ફંડ તેવું રાખવામાં આવ્યું. જેમાં વગર મંજુરી એ શાળામાં ગેરહાજર રહેનાર બાળકના વાલીએ શાળા સહાય પેટે એક દિવસના





રુ.૧૦ લેખે જેટલા દિવસ બાળક ગેરહાજર હોય તેટલી રકમ બોકસમાં નાંખવાની હતી. વર્ષના અંતે જ્યારે તેમાંથી જેટલી રકમ નીકળે તેમાં તેટલી જ રકમ શાળાના શિક્ષકો દ્વારા જોડવામાં આવે અને તે રકમ જરુરીઆત મંદ વિદ્યાર્થીઓ પાછળ ખર્ચ કરવામાં આવી રહી છે. આ યોજનાને કારણે વાલીઓને પોતે રૂપીયા ના આપવા પડે તે માટે બાળકને નિયમિત શાળાએ મોકલતા થયા છે.

જયારે બીજા પ્રોજેકટમાં કુડાસણ પ્રાથમિક શાળાના કૌશીકાબેન મોદીએ બાળકોને વ્યસન મુકત કરવા ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. તેમના ધ્યાનમાં આવ્યું કે શાળાના મોટાભાગના વિદ્યાર્થીઓના દાંત પીળા પડી ગયા છે અને મોંઢામાંથી દુર્ગંધ આવે છે. વિદ્યાર્થીઓનું નિરીક્ષણ કરતા જણાયું કે તેઓ પાન મસાલાની પડીકીના આદી હતા. આથી કૌશિકાબેને વિદ્યાર્થીઓને વિવિધ ફોટોગ્રાફ વિડીયો કલીપ તથા જાહેર ખબરો વગેરે બતાવી કેન્સર જેવા અસાધ્ય રોગથી ચહેરો કેવો વિકૃત થાય છે અને શરીરને કેટલું નુકશાન થાય છે તેની સમજ આપતા વિદ્યાર્થીઓએ વ્યસનની ગંભીરતા સમજી વ્યસન ન કરવાની પ્રતિજ્ઞા લીધી અને જે રુપીયાથી પડીકીઓ ખરીદતા હતા તેનાથી આરોગ્યપ્રદ વસ્તુઓ જેવી કે સીંગ, ચણા, ચીક્કી વગેરે ખરીદતા થઈ ગયા છે. વ્યસન છોડી દીધેલ બાળકોના વાલીઓની મુલાકાત લેતા જણાયુ કે વ્યસન છોડી દીધા પછી ભુખ અને વર્તનમાં પણ ઘણો સુધારો થવા પામ્યો છે.

## ખૂણે ખાંચરેથી...

● ગુજરાત વિધાનસભાના ૧૦ થી વધુ ધારાસભ્યો પણ વાઈરલ ફિવરમાં અટવાઈ જવા પામ્યા છે.

● પૂર્વ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને શહેર ભાજપના આગેવાનો વિધાનસભા ગૃહ આવ્યા હતા.

● ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજથી શરૂ થયેલ રિકવરી અભિયાનના પ્રથમ દિવસે ૪ લાખથી વધુની વેરા વસુલી તંત્ર દ્વારા થઈ છે.

● ગાંધીનગર જિલ્લામાં ગરમીનો માહોલ જામતાં જ શેરડીના કોલા દેખાવા માંડ્યા છે.

● ગાંધીનગર શહેરમાં મચ્છરોની ડેન્સીટી વધી રહી હોવાની ફરિયાદો ઉઠવાનો આરંભ થયો છે.

● આગામી વર્ષે સ્થાનિક સ્વરાજ્યની યોજાનાર ચૂંટણી માટે ચૂંટણી પંચને અંદાજે ૧૦૦ કરોડનો ખર્ચ થશે.

● ગાંધીનગર જિલ્લામાં સુરક્ષાસેતુ સોસાયટી દ્વારા ૧૧,૩૦૦ મહિલાઓને સ્વરક્ષણની તાલિમ આપવામાં આવી છે જેમાં વર્ષ ૨૦૧૪માં ૪૧૦૦ અને વર્ષ ૨૦૧૫માં ૭૨૦૦ મહિલાઓનો સમાવેશ થાય છે તેમ વિધાનસભા ગૃહમાં શંભુજી ઠાકોરના પ્રશ્નમાં ગૃહમંત્રીએ જણાવ્યું છે.

## અમદાવાદના ૧૩૫ બગીચા ખાનગી ડેરીને સોંપાયા

અમદાવાદનાં ૧૩૫ જેટલાં બગીચા એક ખાનગી ડેરીને સોંપવામાં આવ્યા છે. વર્ષ-૧૩-૧૪ દરમિયાન કુલ-૧૩૯ જેટલાં વૃક્ષો વગર મંજુરીએ કાપવામાં આવ્યા હોવાની ફરીયાદ સામે રૂ. ૨,૭૮,૦૦૦, વર્ષ-૧૪-૧૫માં ૨૨૧ વૃક્ષો કપાયા હોવાની ફરીયાદ સામે રૂપિયા-૩,૬૮,૫૦૦ની રકમ પેનલ્ટી તરીકે વસુલવામાં આવી છે.

# આતંકી હુમલાની દહેશતને પગલે એનએસજીની ટુકડીઓ કરાઈમાં

## ગાંધીનગર હોસ્પિટલની એમ્બ્યુલન્સ ડોકટરની ટીમ સાથે તૈનાત રહેશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર નજીક આવેલા કરાઈ પોલીસ એકેડમી ખાતે એનએસજીની ટીમો આવી પહોંચી છે. ગુજરાતમાં આતંકીઓની દહેશતને પગલે કોઈપણ જગ્યાએ આકસ્મિક ઘટના ઘટી જાય તો ત્યાં સરળતાથી પહોંચી જવાય તેના માટે કરાઈ ખાતે એનએસજીની ટીમો સ્ટેન્ડ ટુ રાખવામાં આવી છે. આ વ્યવસ્થાના ભાગરુપે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સ પણ ડોકટરની ટીમ સાથે કરાઈ ખાતે ચોવીસ કલાક ફરજ બજાવશે. જેને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ તમામ કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે. તેમજ ડોકટરોની ટીમો પણ ખાસ તકેદારીના ભાગરુપે સજ્જ કરી દેવામાં આવી છે.

ભારતમાં આંતકી ઘુસ્યા હોવાના આઈબીના રીપોર્ટને પગલે સમગ્ર ભારતમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતને હાઈએલર્ટ જાહેર કરવામાં આવતા જ તમામ સરકારી વિભાગોને સાવચેત કરી જરુરી સુચનો કરી દેવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગર નજીક આવેલ કરાઈ પોલીસ એકેડમી ખાતે એનએસજી ટીમો આવી પહોંચી છે. આઈબીના મળેલા ઈનપુટસને પગલે ગુજરાતમાં અચાનક કોઈ પણ સ્થળે આકસ્મિક ઘટના ઘટે તો તાત્કાલીક ઓછા સમયમાં એનએસજીની મદદ મળી રહે તે માટે કરાઈ ખાતે એનએસજીને સ્ટેન્ડ ટુ રાખવામાં આવી છે. આ વ્યવસ્થાના ભાગરુપે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી પણ ખાસ એમ્બ્યુલન્સવાન ડોકટર તેમજ જરુરી સ્ટાફ અને સાધન સામગ્રી સાથે ટીમની સાથે રહેશે તેમ સિવિલના અંતરંગ સુત્રો જણાવી રહ્યા છે. જયારે સિવિલના આરએમઓ કલ્પેશ શાહે સિવિલની સલામતીને ધ્યાને લઈને ગઈકાલે રાત્રીના સુમારે રાત્રીના સુમારે રાઉન્ડ લીધો હતો. જેમા સિવિલ સંકુલથી લઈને વિવિધ વોર્ડ, સીકયુરીટી, સ્ટાફ સહિત તમામ બિલ્ડીંગની રાઉન્ડ મારીને જરુરી સુચનો કર્મચારીઓને આપ્યા હતા. જયારે સિવિલ સતાવાળાઓએ તમામ કર્મચારીઓની રજા કેન્સલ કરી દેતા રજા પર ગયેલા કર્મચારીઓ પરત નોકરી પર હાજર થઈ ગયા હતા.

## ચંદ્રાલા પાસે ખિચોખીચ દારૂ ભરેલુ પીકઅપ ડાલુ પલ્ટી મારી ગયુ





### ગ્રામજનોએ દારૂની બોટલોની લુંટ ચલાવી : પોલીસ પહોંચી ત્યારે માત્ર ૧૧ બોટલ બચી હતી : ચિલોડા પોલીસે મુદ્દામાલ જપ્ત કરી ફરાર ડ્રાઈવર તથા બુટલેગર સુધી પહોંચવા તપાસ આરંભી

હિંમતનગરથી ચિલોડા તરફ આવી રહેલા અમદાવાદ પાસીંગના પીકઅપ ડાલાના ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા ચંદ્રાલા પાટીયા પાસે ડાલુ પલ્ટી મારી ગયું હતું. દારૂની ખિચોખીચ ભરેલા ડાલુના પલ્ટી ખાધાના મેસેજથી ગ્રામજનો તથા રાહદારીઓએ દારૂની બોટલોની લુંટ ચલાવી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે માત્ર ૧૧ બોટલ જ વધી હતી. પોલીસે જીજે.૦૧.ડી.વાય.૯૭૦૩ નંબરનું ડાલુ તથા ૧૧ બોટલ જપ્ત કરી બુટલેગર સુધી પહોંચવા તપાસ આરંભી છે. (નટુભાઈ પટેલ)

## કમોસમી વરસાદથી ઉભા પાકને નુકશાન થવાની શક્યતા નહિવત્ છે : કૃષિમંત્રી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સહિત રાજ્યના ૧૦ જિલ્લાના ૨૫ તાલુકાઓમાં થયેલા કમોસમી વરસાદથી ખેતી પાકોના સ્ટેજને જોતાં પ્રાથમિક અંદાજ મુજબ ઉભા પાકોને નહિવત્ નુકશાન થવાની શક્યતા હોવાનો સ્વીકાર રાજ્યના કૃષિમંત્રીશ્રીએ આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં ધ્યાનાકર્ષક પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપતાં જણાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લાના ૨ તાલુકા, અમદાવાદના ૨ તાલુકા, ખેડાના ૨, આણંદના ૧, ભરૂચના ૭, મહિસાગર-તાપીના ૧-૧, સુરતમાં ૪, નવસારીના ૩, વલસાડના ૨ તાલુકાઓમાં કમોસમી વરસાદ ૨જી માર્ચના રોજ નોંધાયો છે.

આ તાલુકાઓમાં ૧ થી ૮ મિ. સુધીનો કમોસમી વરસાદ પડેલ છે. વરસાદની ઓછી તીવ્રતા તથા છુટો છવાયો હોવાથી અને પવનની ઓછી તીવ્રતાને ધ્યાને લેતાં હાલમાં ખેતી પાકોના સ્ટેજ જોતાં પ્રાથમિક અંદાજ મુજબ પાકોને નહિવત્ નુકશાન થવાની શક્યતા જણાય છે.

# અડાલજની ૧૮ વર્ષીય યુવતી સ્વાઈન-ફલુમાં સપડાઈ

## સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામની ૧૮ વર્ષીય યુવતીને સ્વાઈન-ફલુ પોઝીટીવ જણાતાં અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

અડાલજની આ યુવતી સાથે જિલ્લામાં સ્વાઈન-ફલુના નોંધાયેલ દર્દીઓની સંખ્યા ૧૫ પર પહોંચી છે. આ યુવતીના રહેઠાણના ઘરની આસપાસ આજે જ કરવામાં આવેલ સર્વેલન્સ દરમ્યાન કોઈ શંકાસ્પદ તાવ કે ફલુના દર્દી નહિ મળ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં નોંધાયેલા ૧૫ દર્દીઓ પૈકી ૧૦ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. હાલ માત્ર આ યુવતી જ સારવાર હેઠળ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

ગઈકાલે જિલ્લાના કલોલ અને હાલીસા પંથકમાંથી મળેલા બે શંકાસ્પદ દર્દીના રિપોર્ટ નેગેટીવ આવ્યાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે યુવતીની તબિયત સ્થિર છે. જિલ્લામાં આ વખતે સ્વાઈન-ફલુના કેસો પોઝીટીવ ઓછા જરૂર જણાયા છે પણ હાલ જે ઋતુઓના સંક્રમણનો સમયગાળો હોવાથી તંત્રએ તમામ તબીબી અધિકારીઓને ચાંપતી નજર રાખવા માટે જણાવાવમાં આવ્યું છે.

# સરકાર દ્વારા ૩૦ કરોડથી વધારે પ્રિમિમય ભરાય છે

ગાંધીનગર,તા. ૯

કૃષિ રાજ્યમંત્રી જશભાઈ બારડે આજે ગુજરાત વિધાનસભામાં વઢવાણના ધારાસભ્ય વર્ષાબેન દોશીના એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૬૫ મળેલી અરજીઓમાંથી ૯૭ અરજીઓ મંજુર કરીને ૯૬.૫૦ લાખની સહાય ચુકવવામાં આવી છે તેવી જ રીતે થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલના પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલી ૨૨૩ અરજીઓમાંથી ૧૨૦ અરજીઓ મંજુર કરી ૧૧૮ લાખની સહાય ચુકવવામાં આવી છે.

મંત્રીએ પુરક માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળનું ૧૦૦ ટકા પ્રિમિય રાજ્ય સરકાર ભોગવે છે. આ માટે રૂપિયા ૩૦ કરોડ ૧૫ લાખનું પ્રિમિયમ ભરવામાં આવ્યું છે. હાલમાં મુખ્ય ખેડૂત ઉપરાંત પ્રથમ સંતાન- દિકરો કે દિકરીનો સમાવેશ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭માં આ યોજના હેઠળ ખેડૂત પત્નીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજના અન્વયે મૃત્યુના ૯૦ દિવસમાં ખેતીવાડી અધિકાર દ્વારા જરૂરી પુરાવા સાથે અરજી કરવાની હોય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭